જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦  ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૦૧/૨૦૧૬ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૧૯/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી ૪૦૭ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૦/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૯ વ્યક્તિઓની અને પાસા ૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૨૧/૧૬**

**સોલા હાઈકોર્ટઃ** ગીતાબહેન ઝવેરચંદ રોહીમ (રહે.શાયોના ગ્રીનફ્લેટ વોડાફોન ટાવરની ગલીમાં ગોતા) એ તા.૩૦/૧/૧૬ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૧/૧૬ રાતના ૧૨/૦૦ થી તા.૨૧/૧/૧૬ સવારના ૮/૦૦ વાગ્યા દરમયાન પોતાના મકાનની બારી ખોલી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના, મોબાઈલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૪૩,૨૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી એસ કે શ્રીમાળી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૨/૧૬**

**નિકોલઃ** પંકજભાઈ રમેશભાઈ પટેલ (રહે.સહજ-૨ આર.એ.એફ.કેમ્પની સામે વસ્ત્રાલરીંગ રોડ) એ તા.૩૦/૧/૧૬ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૮/૧/૧૬ સાંજના ૭/૪૫ વાગ્યાના સુમારે નિકોલ રીંગ રોડ દાસ્તાનફાર્મ નજીક આવેલ રસરાજ પાર્ટીપ્લોટ ખાતે આઠથી દસ વર્ષનો છોકરો અને એક પુરૂષે પંકજભાઈ પટેલની રોક્ડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- અને સોનાની ચેઈન, લકી અને વીંટીમળી કુલ રૂપિયા ૩,૯૦,૦૦૦/- મતા સાથેની બેગ ચોરી કરી લઈ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ શ્રી આર જી ખાંટ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૩/૧૬**

**દાણીલીમડાઃ** કિશોરભાઈ સોમાભાઈ મકવાણા (ઉ.વ.૨૫)(રહે.બેતાળીની ચાલી ખોડીયારનગર બહેરામપુરા) એ બીમારીથી કંટાળી તા.૩૦/૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી રેવાભાઈ વીરાભાઈ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **મેઘાણીનગરઃ** ભારતીબહેન ઉર્ફે પ્રિયા રમેશજી ઠાકોર (ઉ.વ.૧૭)(રહે.રત્ના પોપટની ચાલી કલાપીનગર મેઘાણીનગર) તા.૨૫/૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાનાં સુમારેથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગનુ ટોપ અને ગુલાબી રંગનો પાયજામો પહેર્યો છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |
| **મેઘાણીનગરઃ** ઈશ્વરભાઈ સદાભાઈ ચાવડા (ઉ.વ.૪૨)(રહે.ચામુંડાનગર વિભાગ-૨ મધુવન સોસાયટી પાછળ ભાર્ગવ રોડ મેઘાણીનગર) તા.૧૬/૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ લીટીઓ વાળુ પીળા રંગનુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે.કપાળના ભાગે ડાબી બાજુ લાખાનુ નિશાન છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |
| **મેઘાણીનગરઃ** મનાલીબહેન ભરતભાઈ પટેલ (ઉ.વ.૧૮)(રહે.પર્ણકુંજ સોસાયટી ટેનામેન્ટ વિભાગ-૨ રામેશ્વર ચોકી સામે મેઘાણીનગર) તા.૧૮/૧/૧૬ કલાક ૧૧/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘરેથી કયાક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગની ટી-શર્ટ ઉપર ગુલાબી-બીસ્કીટ રંગનુ સ્વેટર અને ભુરા રંગની લેગીઝ પહેરી છે. નંબરના ચશ્મા પહેરે છે. ઉંચાઈ ૫ ફુટ છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |
| **મેઘાણીનગરઃ** પારૂબહેન નરસિંહભાઈ રાણા (ઉ.વ.૩૦)(રહે.સોનેરીયા બ્લોક સામે મીલ હાઉસીંગની ચાલી બાપુનગર) તા.૭/૧/૧૬ બપોરના ૩/૩૦ વાગ્યાનાં સુમારે મેઘાણીનગર ભાર્ગવ રોડ પુષ્પાનગર પોતાના માતાના ઘરેથી કયાક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. આસમાની રંગની ડીઝાઈનવાડી સાડી-બ્લાઉઝ પહેર્યા છે. ઉંચાઈ ૪ ફુટ ૫ ઈંચ છે. (મેઘાણીનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૬૮૧૫૫૫) |  |
| **ગાયકવાડ હવેલીઃ** સલીમ બાબુભાઈ રંગરેજ (ઉ.વ.૩૩) (રહે. જમાલપુર ચકલા કડીયા શેરી જમાલપુર) તા.૨૩/૧/૧૬ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી ઓટોરિક્ષા નંબર જીજે ૧બીટી ૩૭૭૦ લઈ નિકળ્યાબાદ પરત ફર્યા નથી. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. કેસરી રંગનુ શર્ટ અને કાળા રંગનુ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૩૯૦૬૫૫) |  |
| **વટવાઃ** મહેરનાજબાનુ મીયાખાન પઠાણ (ઉ.વ.૧૮) (રહે.હાજી ટેનામેન્ટ લક્કી હાર્ડવેરની સામે સૈયદવાડી વટવા) તા.૨૫/૧/૧૬ રાતના ૮/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. કથ્થઈ રંગનુ કાળી ડીઝાઈનવાળુ ટોપ અને સફેદ રંગની લેગીઝ પહેરી છે. ઉંચાઈ ૪ ફુટ ૯ ઈંચ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **સોલા હાઈકોર્ટ:** હેલીબહેન કનુભાઈ શાહ (ઉ.વ.૨૪) (રહે.સુરમ્ય સ્ટેટસ સોલા ભાગવત મંદિર પાસે સોલા) તા.૯/૧/૧૬ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગનુ ટોપ અને રાણી રંગનો પાયજામો પહેર્યો છે. કાળા રંગના નંબરના ચશ્મા પહેરે છે. ઉંચાઈ ૫ ફુટ છે. ( સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **કૃષ્ણનગર :** અરૂણાબહેન ઉર્ફે રાધીકાબહેન નવીનભાઈ પટેલ (ઉ.વ.૨૮)(રહે.ચુનારાવાસ નં-૧ ઓમસાઈ ફ્લેટની સામે સૈજપુરબોઘા કૃષ્ણનગર) તા.૧૫/૧/૧૬ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા તથા પોપટી રંગનો અનારકલી ડ્રેસ પહેર્યો છે. ડાબા હાથની કલાઈ ઉપર છુંદણાથી સ્ટાર કોતરાવેલ છે તેમજ મોઢાના ભાગે જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૨ ઈંચ છે. (કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૨૧૪૫૧) |  |
| **બાપુનગર:** રવીભાઈ કાંતીભાઈ પટેલ (ઉ.વ.૨૮) (રહે.હર્ષદ કોલોની વિભાગ-૧ ડીમાર્ટની સામે બાપુનગર) તા.૧૮/૧/૧૬ સાંજનાં ૭/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. ગુલાબી રંગનુ શર્ટ અને છીંકણી રંગનુ પેન્ટ પહેર્યુ છે. માનસીક રીતે અસ્થિર મગજના છે. ઉંચાઇ ૫ ફુટ ૬ ઈંચ છે. (બાપુનગર પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૦૦૫૮૫) |  |
| **સાબરમતી:** સંજયભાઈ વિઠ્ઠલદાસ પંચાલ (ઉ.વ.૩૫) (રહે. સનરિયલ હોમ્સ સાવન બંગલોઝની પાછળ ખોડીયાર મંદિર રોડ ન્યુ રાણીપ) તા.૧૫/૧/૧૬ કલાક ૯/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી અખબારનગર પોતાની દુકાને જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. પેન્ટ-શર્ટ પહેર્યા છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઇંચ છે. (સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| **રખિયાલ :** શમાબાનુ આઝાદભાઈ શેખ (ઉ.વ.૧૯) (રહે.અજીતમીલ ચાર માળીયા રખિયાલ) તા.૧૬/૧/૧૬ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી ક્યાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ઉંચાઈ ૫ ફુટ ૪ ઇંચ છે.(રખિયાલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૪૩૬૦૯) |  |
| **વટવા:** પ્રિયંકા વાલજીભાઈ સગડીયા (ઉ.વ.૨૨) (રહે.ચામુંડાપાર્ક શાહવાડી આશિર્વાદનગરની બાજુમાં નારોલ વટવા) તા.૧૭/૧/૧૬ સાંજના ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે.(વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)